## ફ્લો આર્ટ ગેલેરી

(પાના ૧૧નું ચાલુ)

વિદ્યાનગર આવો તો મારી ફ્લો-આર્ટ ગેલેરીમાં જરૂર પધારજો. થાઈ, ઈજીપ્ત - મેક્સિકન - ચાઈનીઝ અને ભારતીય કૃતિઓ તમને બતાવતા મને આનંદ થશે. મારી આર્ટ-ગેલેરીમાં આટલી બધી સંસ્કૃતિના સર્જનો જોઉં છું ત્યારે મને લાગે છે કે વિશ્વ કેટલું નાનું બની ગયું છે. મારા કલાસંગ્રહમાં મેં કેટલી બધી સંસ્કૃતિને સમાવી લીધી છે અને છેલ્લે બહેનોને એક વાત કહું. જીવનમાં નવરાશના સમયને વેડફી ન દેતા. જે શોખ હોય એ પ્રતિ લગાવ રાખી લગનથી આગળ વધો. સૂર્યને શરણે ગયા વગર જેમ અંધકારને છૂટકો નથી એમ કલાને જીવનનું શરણ બનાવીશું તો આખું ય જીવન કલામય બની રહેશે એમાં કોઈ સંશય નથી.

સંપાદનઃ ચિન્કી દલાલ

જરી પરીખ

પળોમાં કલાકાર સમાધિ ...ક પહોંચી જતો હોય છે. ...ખતે પિકાસો કલાકો સુધી ...મનસ્ક દશામાં - સમાધિ ...માં રહેતો. કલામાં ખોવાઈ ...એક આંગ્લ કવિ જીવનની ...થે સરખાવે છે. કલાકાર ...વ છે. હૃદયની ભીનાશને ...ર્જન દ્વારા શીતળતા બક્ષે ...ગંધ પામવા મનની મેંદીની ...લસોટવા પડે છે. લગ્ન બાદ ...માં લપાઈ રહેવાનું નથી ...રસાદ પછીનો ઉઘાડ જેમ ...તેમ રસોઈઘર પછીની

પછી ભારતમાં વિદ્યાનગર - ગુજરાતમાં સ્થાયી થઈ. લગ્ન બાદ પતિ શરદને કહ્યું કે સંસાર રથના આપણે ચક્ર જરૂર છીએ પણ બંને ચક્રને પોતાનું નિજી અસ્તિત્વ હોય તે જરૂરી છે. હું ઘરસંસારની સાથે સાથે મારા કલાસંસારમાં રહી મારું અસ્તિત્વ કલામય બનાવતી રહીશ. મારા

### મારો અસબાબ

જીવન સંગીતમાં શરદ હું લય બનીશ ને તમે તાલ બનજો. મારા સુખદ અનુભવે કહી શકું કે પતિ શરદ ઉદ્યોગપતિ હોવા છતાં મારી કલાયાત્રામાં મારા હમસફર બની રહ્યા છે. હું પ્રાચીન શિલ્પો અને પ્રાચીન સંસ્કૃતિમાંથી પ્રેરણા લઈ માટીકામ

# ...નાની કોતરણી અને ઉર્મિઓના ... સુમેળ એટલે કલ્પના અમીનની ...લો આર્ટ ગેલેરી

...થાનું વાતાવરણ તાજગીમય ...છે. કલ્પના શરદ અમીન મૂળ ...ની, પણ ભારતમાં શિક્ષણ લેવા ... અહીં જ સ્થાયી થયા. મૂળ ...ય એટલે નવરાશની પળોમાં ...સર્જન કરવા માંડયા અને

દ્વારા વિવિધ આકારોનું સર્જન કરું છું. મેં વિવિધ પ્રાચીન સંસ્કૃતિનો સઘન અભ્યાસ કર્યો એની સીધી અસર મારા સર્જનોમાં જોવા મળે. આફ્રિકાની મસાઈ જાતિનો પ્રભાવ મારા પર ખાસ પડયો છે. હું મારા માટી શિલ્પોમાં આફ્રિકન, મેક્સિકન,





...ી એમની ફ્લો-આર્ટ ગેલેરી. ...રને મળવાનું થયેલું અને ...થયેલી રસિક વાતોમાં તમને ...છે. એમના જ શબ્દોમાં વાત

...મને નાનપણથી જ કલા પ્રત્યે ... રોટલીના લોટની કલાકૃતિઓ ...કમાંથી મનગમતા આકાર ... જન્મ કેન્યામાં થયેલો, લગ્ન

ઈજીપ્શીયન, ભારતીય અને આપણા ગુજરાતના કચ્છ-સૌરાષ્ટ્રની લોકકલા લાવું છું. કલાકારને સરહદના સીમાડા નડતા નથી. કલાનો પ્રસાર જ સંસ્કૃતિની મૂડી છે. હું એમ. એફ. હુસેનની ચિત્રકલાથી પ્રભાવિત થઈ છું, પણ મારી પાસે મારી નિજી કલાનો સ્રોત છે. માટીકામ દ્વારા વિવિધ મહોરા-મહોરા અને અન્ય શિલ્પોનું સતત સર્જન કરું છું. કલાશોખીનો મારા

શિલ્પોને એમના ઘરમાં-બાગમાં-બંગલામાં વસાવે છે. કાચ ઉપર રાજપૂત કે મોગલ શૈલીના ચિત્રો દોરવાનું મને ગમે છે. રોમન શૈલીના ચિત્રો જોઈ એમાંથી મૂર્તિઓ બનાવું છું. આ બધા ય સર્જનનો મુખ્ય હેતુ તો નિજાનંદની મસ્તી છે. મારા મનના સામ્રાજ્યમાં આ શિલ્પોની વચ્ચેથી જોઈ ત્યારે દુનિયાની સૌથી સુખી સ્ત્રી છું એવી અનુભૂતિ મને થાય છે.

મારા માનસને મોકળું મેદાન મળ્યું એના ઉપર હું કાળી શાહી કે સેવરંગી ચિત્રો પણ દોરું છું. લેન્ડસ્કેઈપ અને વાસ્તવાદી ચિત્રો બનાવવામાં મને આનંદ મળે છે. મને આજે ય યાદ આવે છે મારા વડિલ કુમુદમાસી. વડોદરાની આર્ટ કોલેજના નિવૃત્ત મારા માસીની પ્રેરણાનો સ્રોત મારે મન કલાઝરણાનો મોઝ મોડ

બની રહ્યો. મેં ક્યાંય કોઈ ચોક્કસ તાલીમ લીધી નથી. મન હોય તો માળવે જવાય. જે બહેનો એમ કહેતી હોય કે અમને સમય નથી મળતો એ વાત હું નથી માનતી. હા, તમારા કુટુંબીજનોનો સાથ અને સહકાર તમારી કલાપ્રવૃત્તિ માટે જરૂરી છે. મારા પૂજ્ય સાસુજી કમલાબહેનનો મને સદા સહકાર અને પ્રોત્સાહન મળ્યા છે. શરૂઆતમાં હું પરબ માટે અને મિત્રો માટે વિવિધ સર્જનો કરી એમને ભેટ આપતી. એ લોકોએ મને આગળ વધવા સલાહ આપી. આજે મેં ફ્લો-આર્ટ ગેલેરીનું એક વિશાળ સર્જન કર્યું જ્યાં મારી કલાપ્રવૃત્તિની ઝાંખી કરાવતા સર્જનો જોવા મળે છે. ફ્લો-આર્ટ નામ પણ કેટલું મોહક છે? કલા એ તો એક અખૂટ પ્રવાહ છે. એ પ્રવાહ વહેતો રહેવો જોઈએ. વિશ્વમાં જ્યારે પ્રથમ કલાનું ઝરણું વહ્યું

હશે એમાં વિવિધ કલાઓ ભળતા સંસ્કૃતિની સરિતાનો જન્મ થયો હશે. અંતરના ભાવ જ્યારે લાગણીરૂપે પ્રકટ થાય ત્યારે આપોઆપ એમાંથી કલાઝરણ વહેતું થાય છે. મારે મન હૃદયના ભાવ અને ઊર્મિઓની યાત્રાનો સરવાળો એટલે મારી ફ્લો-આર્ટ ગેલેરી.

મારા પતિ શરદ એમના ધંધામાં સતત વ્યસ્ત રહેવા છતાં મારી ઊર્મિઓના સ્પંદનો ઝીલવા આતુર રહે છે. એ રીતે એ મારા પ્રેરણાસ્રોત છે. મારી મોટી પુત્રી રૂપાલી ૧૯ વર્ષની છે. એ અમેરિકા, ન્યુયોર્ક ખાતે ઉચ્ચ શિક્ષણ લઈ રહી છે. નાની પુત્રી સુહાની પંચગીનીમાં શિક્ષણ લઈ રહી છે. વિવિધ સંસ્કૃતિના મારા સર્જનો માટે હું કહું તો ઘણું ઓછું લાગે, પણ તમે અને વાચકમિત્રો કયારેય

(જુઓ પાનું ૧૬)